**ગોંડલના મ્હે.ત્રીજા એડી.ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં, મું.ગોંડલ.**

**ક્રિમીનલ કેસ નં.૨૩/૨૦૨૬**

**આંક–**

**ફરીયાદી – શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી – જગતસિંહ ઉર્ફે રામદેવસિંહ જયેન્દ્રસિંહ રાયજાદા**

**ગુન્હો – એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા ધી ગુજરાત પ્રોહિ.એકટની કલમ– ૬૬(૧)(બી) મુજબ..**

**–ઃ <u>ચુકાદો</u> ઃ–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપી ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે તમો આરોપીએ ગેરકાયદેસર પાસ પરીમટ કે આધાર વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં પોતાના હવાલાવાળુ વાહન ચલાવતા મળી આવતા એમ.વી.એકટ તથા પ્રોહી કલમ–૬૬(૧) (બી) મુજબનો ભંગ કરી ગુન્હો કરેલ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુન્હા સબબ નોંધતા, આરોપીએ પોતાની સામેના ગુન્હાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુન્હાનો એકરાર સ્વૈચ્છીક રીતે કબુલ હોય, આરોપીએ અદાલત સમક્ષ વારં વાર પસ્તારવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહી કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુન્હાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઇએ તેમ માનુ છું. આરોપી સામેના અક્ષેપીતપ ગુન્હાનો પ્રકાર તેમાં સજાનું પ્રમાણ આરોપીની રજુઆત તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર.પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોરના કેસનું પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયીક જણાતુ હોય.જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

/// <u>હુકમ</u> ///

- આરોપી નામે **જગતસિંહ ઉર્ફે રામદેવસિંહ જયેન્દ્રસિંહ રાયજાદા** નાઓને બી.એન.એસ.એસ. કલમ–૨૭૫ મુજબ એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા પ્રોહી એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુનહાના કામે ગુન્હો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે. જેથી આરોપીને સદર ગુન્હો કરવા બદલ **રૂા.૨,૬૦૦/– (અંકે રૂપીયા બે હજાર છસો પુરા)** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી સદર દંડની

રકમ ન ભરે તો **દિન–૫** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવુે છે.

- સદર કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ બાબતે માલિકીની ખરાઇ કરેથી મુદ્દામાલ તેના ખરા માલિકને સોંપી આપવો.

હુકમ આજ રોજ તા.૧૪મી, માંહે–માર્ચ, સને–૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
સ્થળ : ગોંડલ.

**(આર.એસ.રાઠૌડ)**
ત્રીજા અધિક ચીફ જ્યુડી.મેજી.,
ગોંડલ. **(GJ01374)**